# બોલિવૂડ મર્ડર: યે રાત ફિર ના આયેગી

**સંગત સિતારોં કી**
★ સંજય છેલ



૨૩ વરસનો હેંડસમ ચાર્મિંગ હીરો પોતાના જન્મદિવસે ૩-૪ મિત્રો સાથે રાતે ઘરે આવે છે ને એ જન્મદિવસ એની જિંદગી માટે સૌથી કમનસીબ દિવસ બની જાય છે.

૨૦-૨૦ ફિલ્મોનો સફળ નિર્માતા-નિર્દેશક માત્ર ૫૭ વરસે છેલ્લી ૪-૫ ફિલ્મોમાં ઉતારચઢાવને લીધે અને કૌટુંબિક કારણોસર હતાશામાં ડૂબી જાય છે, દિનરાત શરાબને રવાડે ચઢી જાય છે અને પછી એવું કરી બેસે છે કે કોઇ વિચારી પણ ના શકે.

૧૯૬૦માં આશા પારેખ કે સાધના જેવી ટોચની હીરોઇન સાથે કેરિયર શરૂ કરનાર અભિનેત્રી પછી નિષ્ફળ થઈને ૧૯૭૦ના દાયકામાં બી-ગ્રેડની ફિલ્મોમાં નાનકડી ભૂમિકા મેળવવા સ્ટુડિયોના ધક્કા ખાતી.૨૫ વરસની ખૂબસૂરત છોકરી, બાંદ્રાના અમીર બિલ્ડરના દીકરા સાથે પ્રેમ કરે છે પણ બાપને એ છોકરો મંજૂર નહોતો. એ છોકરીના મોત પછી ૧૪ વરસે એક અકસ્માતમાં એ છોકરો ખતમ...પેલો નામી ફિલ્મ નિર્માતા-નિર્દેશક, ઉભરતો યંગ-સ્ટાર, વિધર્મીને ચાહતી યુવતી, એક જમાનાની હીરોઇન, રઈસ બિલ્ડરનો દીકરો આ સૌને જોડતી એક ગોઝારી રાત આવી.

તમને 'દો બેચારે, બિના સહારે દેખો પૂછ પૂછ કે મારે, બિન તાલે કી ચાબી લે કે ફિરતે મારે મારે' ગીત યાદ છે? જી હા, અશોકકુમાર-પ્રાણની 'વિક્ટોરિયા નં. 203' સુપરહિટ ફિલ્મ ને 'ચોરી મેરા કામ', 'એક સે બઢકર એક', 'પ્રોફેસર પ્યારેલાલ', 'યકીન', 'કઠપૂતલી' જેવી ફિલ્મોના નિર્માતા-નિર્દેશક હતાઃ બ્રિજ સદાના. જેમણે એક બીજીયે ફિલ્મ બનાવેલીઃ 'યે રાત ફિર ના આયેગી' સફળ ને સ્ટાઈલિશ ફિલ્મમેકર બ્રિજના જીવનમાં પણ એક એવી રાત આવી કે જે કોઇના જીવનમાં ના આવવી જોઇએ.

૨૦૦૭માં હું પરેશ રાવલ સાથે ફિલ્મના શૂટિંગમાં હતો ત્યારે એક દૂબળો, થોડા સફેદ વાળવાળો જુવાન, જૂની કોમેડી ફિલ્મની રિમેક માટે પરેશભાઇ સાથે નિર્માતા તરીકે મળવા આવેલો. જોઇને થયું કે એને ક્યાંક જોયો છે. હું નામ યાદ કરતો જ હતો ત્યારે એણે પોતે જ કહ્યું: 'હાય. આઇ એમ કમલ. કમલ સદાના.' પછી યાદ આવ્યું કે રવિના ટંડનને ઘરે એને મળેલો, ૧૯૯૪-૯૫માં રવિના અને કમલ વચ્ચે રોમાંસ ચાલતો, ત્યારે એ પ્રોમિસિંગ સ્ટાર હતો. ત્યારે ૧૫ વરસ બાદ ઓળખી ના શકાય એવો લાગતો હતો. ૧૯૯૩ કાજોલની પહેલી ફિલ્મ 'બેખુદી'માં પહેલાં સૈફઅલી ખાનની પણ હીરો તરીકે પહેલી ફિલ્મ આવવાની હતી પણ સૈફના ખરાબ વર્તનને લીધે નિર્દેશક રાહુલ રવૈલે એને કાઢી મૂકીને કમલ સદાનાને જે નામી નિર્દેશક બ્રિજ સદાનાનો દીકરો હતો એને હીરો તરીકે ચાન્સ આપ્યો.



૬ ઓક્ટોબર ૧૯૩૩માં જન્મેલા બ્રિજ સદાના ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકાના સફળ નિર્માતા-દિગ્દર્શક હતા. બ્રિજની પત્ની સઈદા પણ અભિનેત્રી હતી. સઈદાની માતા, અનવરી બેગમ પણ ૧૯૪૦ના સમયની અભિનેત્રી હતી. સઈદાની પહેલી ફિલ્મ કિશોર કુમાર સાથેની સુપરહિટ 'અપના હાથ જગન્નાથ' હતી. સમય જતાં સઈદાની ફિલ્મો નિષ્ફળ જતાં મજબૂરીમાં સઈદાએ બી-ગ્રેડ ફિલ્મોમાં કામ કરવા માંડ્યું. પછી સઈદાએ ફિલ્મો છોડીને બ્રિજ સાથે લગ્ન કર્યા. બ્રિજ અને સઈદાને બે બાળકોઃ કમલ અને નમ્રતા.

૧૯૮૦માં વિનોદ ખન્ના અચાનક રજનીશ પાછળ અમેરિકા જતા રહ્યા. ફિલ્મ લંબાઇ ગઇ અને બ્રિજને ભારે નુકસાન થયું, એવું જ રાજેશ ખન્નાની ફિલ્મ 'ઊંચે લોગ' પણ પૈસાને લીધે ખેંચાતી ગઇ. કરજના બોજમાં બ્રિજનો સ્વભાવ ચીડિયો થઈ ગયો. બ્રિજ ને સઈદા વારંવાર ઝગડવા લાગ્યા. રોજના કંકાસ બાદ બ્રિજ, દારૂ પીધા પછી હોશકોશ ગુમાવી બેસતા. ઉપરથી દીકરી નમ્રતા બ્રિજની ઈચ્છા વિરુદ્ધ આબીસ રીઝવી સાથે લગ્ન કરવા માંગતી હતી. આબીસના પિતા અખ્તર હુસૈન રિઝવી રાજ્યસભાના સાંસદ હતા. વળી બ્રિજ, સઈદા સાથે ઝઘડતાં ત્યારે નમ્રતા હંમેશાં માનો પક્ષ લેતી એટલે બ્રિજને નમ્રતાની આ વાત પણ નહોતી ગમતી.

એક વાર બ્રિજ એટલા નશામાં ને ગુસ્સામાં હતા કે એમણે સઈદા ને નમ્રતા પર લાઈસન્સવાળી પિસ્તોલથી હુમલો કર્યો. ત્યારે સઈદા અને નમ્રતા બચી ગયેલાં. સુનીલ દત્ત અને નરગીસજી સઈદાના સારાં મિત્રો. નરગીસજીએ સુનીલ દત્તની મદદથી પોલીસને કહીને બ્રિજની પિસ્તોલ જપ્ત કરાવી. થોડાક મહિના પછી બ્રિજે -'ખાલિસ્તાનીઓની ધમકીઓ મળે છે' કહીને પિસ્તોલ પાછી મેળવી.

૨૧-૧૦-૧૯૯૦ના રોજ દીકરા કમલનો ૨૦મો જન્મદિવસ હતો. કમલ પાર્ટી મનાવીને મિત્રો સાથે ઘરે આવ્યો. કમલે જોયું કે ઘરમાં હંમેશની જેમ ઝગડા ચાલુ હતા. કમલ, મિત્રોને પોતાના રૂમમાં લઈ ગયો કે અચાનક ગોળીબારના ધડાકા સંભળાયા. કમલ ને મિત્રો નીચે દોડયા. પિતા બ્રિજ, ગન પકડીને ઊભા હતા ને મા સઈદા ને બહેન નમ્રતા લોહીથી લથપથ જમીન પર...

બ્રિજે કમલને જોતાંવેંત એના પર પણ ગોળી ચલાવી પણ ગોળી કમલની ગરદનને અડીને નીકળી ગઈ. બ્રિજે કમલ પર બીજી ગોળી

**બ્રિજને ભાન આવ્યું ત્યારે પસ્તાવા અને ભયને લીધે પોતાના મોંમાં પિસ્તોલ મૂકી ટ્રિગર દબાવી દીધું. એ રાતે મુંબઈનો પોશ વિસ્તાર ગણાતા બાંદ્રાના 'જલકમલ' બંગલાની આ ભયાનક ઘટનાએ બોલીવૂડને જ નહીં, આખા દેશને સ્તબ્ધ કરી મૂક્યો**

ચલાવી. કમલ ઝૂકી ગયો ને ગોળી કમલના મિત્રની હથેળીમાં વાગી. કમલનો બીજો મિત્ર દીવાલ પાછળ છુપાયેલો એટલે બચી ગયો. બ્રિજને લાગ્યું કે એણે બધાંને ખતમ કરી નાખ્યા એટલે અંદર જઈને સૂઇ ગયા. પછી કમલ ને મિત્રોએ એમ્બ્યુલન્સ બોલાવી. નજીકમાં રહેતી સઈદાની બહેન શગુફ્તા પણ દોડી આવી પણ ત્યાં સુધીમાં નમ્રતા મરી ચૂકી હતી. સઈદા હજુ જીવતી હતી, એને કારમાં હોસ્પિટલ લઈ જવાઈ પણ રસ્તામાં જ સઈદા ખતમ.

જ્યારે બ્રિજને ભાન આવ્યું ત્યારે પસ્તાવા અને ભયને લીધે પોતાના મોંમાં પિસ્તોલ મૂકી ટ્રિગર દબાવી દીધું. એ રાતે મુંબઈનો પોશ વિસ્તાર ગણાતા બાંદ્રાના 'જલકમલ' બંગલાની આ ભયાનક ઘટનાએ બોલીવૂડને જ નહીં, આખા દેશને સ્તબ્ધ કરી મૂક્યો. પછી કમલે હીરો તરીકે, સહાયક અભિનેતા તરીકે અમુક ફિલ્મો ને સીરિયલો કરી, 'વિક્ટોરિયા નં.૨૦૩'ની રીમેક બનાવી અને 'રોરઃ ટાઈગર ઓફ સુંદરવન' નામની ખર્ચાળ ફિલ્મ, સ્વ.નમ્રતાના પ્રેમી આબિસ રીઝવીની સહાયથી નિર્દેશિત કરી. પણ કમનસીબી જુઓ કે એ જ આબિસનું ૨૦૧૭માં ઈસ્તાનબુલમાં કાર-અકસ્માતથી મૃત્યુ થયું અને હવે માત્ર કમલ જીવે છે.

# ફ્રીમોન્ટઃ સુખના સરવેમાં અવ્વલ, પણ મનની શાંતિ ક્યાં?

**લાઈફ-ઓન**
★ ફાલ્ગુની આશર

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં આવેલું અને સિલિકોન વેલીના મોભા સમું 'ફ્રીમોન્ટ' શહેર અબજો ડોલરની ચમકધમક માટે જાણીતું છે. સતત સાત-સાત વર્ષથી 'વૉલેટહબ' નામની સંસ્થા આ શહેરને 'અમેરિકાનું સૌથી સુખી શહેર' જાહેર કરતી આવી છે. સામાન્ય રીતે પશ્ચિમના દેશોમાં જ્યાં પૈસો, બંગલો અને ગાડી હોય ત્યાં જ સુખ માપી લેવામાં આવે છે, પણ અહીં તો 20 માઈલ દૂરથી માત્ર લહેજતદાર કબાબ અને ભારતીય શૈલીની મીઠાઈ ખાવા માટે ગાડીઓ દોડાવનારા લોકોનો મેળાવડો જામતો હોય છે. જો ખાવા-પીવાની રંગત જ સુખનું સાચું સરનામું હોય, તો દેશી દિલને એ વાત સામે વાંધો ઉઠાવવાનું કોઈ કારણ જડતું નથી!

પરંતુ, જે વૉલેટહબ સંસ્થા આ 2 લાખ 26 હજારની વસ્તીવાળા ફ્રીમોન્ટને સતત દેશનું સૌથી સુખી શહેર જાહેર કરે છે, તે કંઈ પ્લેટમાં પીરસાતા કબાબની મહેક કે મીઠાઈની ચાસણી દ્વારા નથી માપતી. એ તો માણસના જીવનનો સંતોષ, ડિપ્રેશનનો દર અને દૂરથી સુખી દેખાતા સંસારમાં થતાં છૂટાછેડાના આંકડાઓ પરથી સુખ માપે છે! 182 મોટાં-મોટાં અમેરિકી શહેરોના સર્વેમાં ફ્રીમોન્ટમાં જીવનનો સંતોષ સૌથી ઊંચો માલૂમ પડ્યો છે, ડિપ્રેશનનો દર સાતમા ક્રમે સૌથી ઓછો છે અને પતિ-પત્નીના વિખવાદ કે છૂટાછેડાનો દર આખા દેશમાં સૌથી નીચો નોંધાયો છે. આ સાંભળીને જ આપણી ભારતીય સંસ્કૃતિનો અસલી પાયો એવો 'સંતોષ' શબ્દ મનમાં ઝબકે છે. પણ સવાલ એ થાય કે શું ખરેખર અહીંના મોંઘાદાટ બંગલાઓમાં સંતોષ વસે છે? એ જ વાતની ભાળ મેળવવા માટે ફ્રીમોન્ટની ગલીઓમાં લટાર મારવી પડે.

ફ્રીમોન્ટની મધ્યમાં આવેલી 'ચાઈ શાઈ' નામની એક નાનકડી, અજવાળિયું પથરાયેલી કેફેમાં ગરમ ચાના ઘૂંટડા મારતાં-મારતાં યોગી ચુગને સાંભળવા જેવા છે. યોગીભાઈ છેલ્લા ચાર દાયકાથી આ શહેરમાં વસ્યા છે. વેપારી છે, રાજકીય ચળવળકાર છે અને અહીંની ભારતીય વસાહતને પોતાની આંખ સામે વટવૃક્ષ થતી જોઈ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું આ ફ્રીમોન્ટની 'ખુશી' પાછળ અહીં વસતા એક તૃતીયાંશ ભારતીયોનો કોઈ હાથ છે ખરો?

ત્યારે મીઠું હસીને યોગીભાઈ કહે છે, "હું 40 વર્ષથી અહીં રહું છું. જ્યારે આવ્યો ત્યારે એક હાથમાં સૂટકેસ અને મનમાં નોકરીની આશા હતી. આજે આપણી વસ્તી ડઝનમાંથી વધીને 70 હજાર થઈ ગઈ છે. કેટલાક દેશીઓએ રાત-દિવસ ઘાણીના બળદની જેમ કામ કરીને મોટી ટેક્નોલોજી કંપનીઓ ઊભી કરી દીધી, તો કેટલાય એન્જિનિયર, નર્સ અને દુકાનદારો બની ગયા છે. તો કેટલાક પરિવારો છોકરાઓને શાળાએથી લાવવા-લઈ જવાની દોડધામમાં લાગેલા છે. પણ સૌથી રૂડી વાત એ છે કે અમે આ શહેર માત્ર એકલા દેશીઓએ નથી બનાવ્યું. અમે અને અમારા ચાઈનીઝ, અફઘાની, લેટિનો અને ગોરા પડોશીઓ એકસાથે બેસીએ છીએ, એક જ બજારમાંથી શાકભાજી ખરીદીએ છીએ અને અમારા છોકરાઓ એક જ ગ્રાઉન્ડમાં ભેગા મળીને રમે છે. એ રીતે આ શહેર બન્યું છે."

અહીં વસતા ત્રીજા ભાગના ભારતીયોએ માત્ર પોતાનાં ઘરો નથી ચણ્યાં, પણ સાચા અર્થમાં ભેગા મળીને એક ભાઈચારાવાળો સમાજ ઊભો કર્યો છે, જે પશ્ચિમની એકલતામાં હૂંફ આપવાનું કામ કરે છે.

આ વાતને ટેકો આપતાં ફ્રીમોન્ટના જૂના જોગી અને પ્રખ્યાત હૃદયરોગના ડૉક્ટર રોમેશ જાપરા વાતનો દોર સાંભળે છે. તેઓ સીધા શબ્દોમાં કહે છે, "અહીં 68 ટકા વસ્તી એશિયન છે, જેમાં ભારતીયો, ચાઈનીઝ અને અન્ય સમાજના લોકો છે. આપણી વૅલ્યુ સિસ્ટમ જ કુટુંબકેન્દ્રી છે. સ્વસ્થ રહો, સંપત્તિ કમાઓ અને ખુશ રહો, આ જ આપણું અસલી 'અમેરિકન ડ્રીમ' છે."

ડૉક્ટર સાહેબ પોતે પંજાબના એક નાના ગામડામાં 120 રૂપિયાના માસિક પગાર પર માની છત્રછાયામાં મોટા થયા હતા અને દિલ્હીની એઈમ્સમાંથી ભણીને અમેરિકા આવ્યા હતા. તેઓ યાદ કરે છે કે જ્યારે પણ અમેરિકામાં મંદી આવે, મંદીનો કાળ આવે કે સટોડિયા બજાર તૂટી પડે, જેમ કે 2000ની વાય2કેની સમસ્યા કે 2008ની મોટી મંદી, ત્યારે ભારતીય પરિવાર પોતાનો મોજશોખ છોડી દેશે, એક ટાણું અન્ન ઓછું ખાશે, પણ ઘર પરનું દેવું ભરીને બંગલો હરાજીમાં નહીં જવા દે! આપણે પાઈ-પાઈ બચાવીને છોકરાઓને એન્જિનિયર અને ડૉક્ટર જ બનાવ્યા છે.

યોગી ચુગ આને 'ઈમિગ્રન્ટ કરકસર' કહે છે.




**બિનઅમેરિકનોએ બનાવેલું સિલિકોન વેલીનું ''હેપ્પી' શહેર' અને કબાબ-મીઠાઈની ખુશબૂ વચ્ચે ખોવાયેલું 'સંતોષ'નું સાચું સરનામું**

આજે ફ્રીમોન્ટમાં એક સાધારણ ઘરની કિંમત 14 લાખ ડૉલર (આશરે 11 કરોડ રૂપિયા)ને વટાવી ગઈ છે અને 80 ટકા ઘરોની વાર્ષિક આવક 75 હજાર ડૉલરથી વધુ છે. છતાં, આ અમીર દેશીઓ પોતાના ખાવા-પીવાના શોખ માટે મનફાવે તેમ પૈસા નથી વાપરતા. યોગીભાઈ કટાક્ષમાં કહે છે, "ફ્રીમોન્ટની દેશી રેસ્ટોરાં ગમે તેટલી હાઈફાઈ થઈ જાય, પણ કોઈ ભારતીય 200 ડૉલર (16 હજાર રૂપિયા)ની થાળી ખાવા તૈયાર નહીં થાય! આપણાં લોહીમાં વણાયેલી કરકસર જ આપણને આર્થિક રીતે તૂટવા દેતી નથી."

પણ શું આ જૂની પેઢીનો 'સંતોષ' નવી પેઢીના ગળે ઊતરે એવો છે? સંજોગો જુદો ઈશારો કરે છે. સાન જોસેથી ફ્રીમોન્ટ રહેવા આવેલી નિકિતા ગોયન્કા નામની યુવતી પોતાના ઘરના આંગણે બેસીને ખુલ્લેઆમ કહે છે, "હું અહીં ખુશ છું, શાંતિ છે, હવામાન સરસ છે અને આપણો મોટો દેશી પરિવાર આસપાસ છે. ક્યારેક પણ રાત્રે અચાનક કોઈ કહે કે 'ઘરે આવો' અને 10 જણા ભેગા થઈને મોડી રાત સુધી ગેમ્સ રમે, આ બધું બહુ વહાલું લાગે છે."

પણ તરત જ તેના ચહેરા પર એક નિરાશા ઊભરી આવે છે. તે કહે છે, "પણ મને શહેરની ધમધમાટી યાદ આવે છે. સાન જોસેની ડાઉનટાઉન કૅફેઓ, બાર, ગ્રાઉન્ડ પર ચાલતી રોશની અને બહાર નીકળો એટલે મળતો જીવંત માહોલ ફ્રીમોન્ટમાં નથી. ફ્રીમોન્ટમાં તમારે બહાર જવા માટે પરાણે પ્લાન બનાવવો પડે છે. મારો ભાઈ મેનહટન (ન્યૂ યોર્ક)માં રહે છે. તેના ઘરેથી પાછા ફ્રીમોન્ટ આવવું એટલે કોઈ સજા ભોગવવા જેવું લાગે છે!"

બીજી તરફ, બે એરિયામાં બે દાયકાથી રિયલ્ટર (જમીન-મકાનની દલાલી)નું કામ કરતાં સંધ્યા પરમેલ કહે છે કે લોકો પોતાના જીવનની શાંતિ માટે જ ફ્રીમોન્ટ પસંદ કરે છે. સારા પાર્ક, ઉત્તમ શાળાઓ, સુરક્ષિત ગલીઓ અને પોતાની માટીની ગંધ આપતી દુકાનો–આ બધું ભેગું થાય એટલે માણસને એક તૃપ્તિ મળે છે, જેને આપણે સંતોષ કહીએ છીએ.

હવે અસલી મુદ્દા પર આવીએ. વૉલેટહબ ગમે તેટલા સર્વે કરીને ફ્રીમોન્ટને 'સુખી' સાબિત કરે, પણ પશ્ચિમની આ વ્યાખ્યામાં મોટી બૌદ્ધિક અધૂરપ છે. પશ્ચિમની દૃષ્ટિએ સુખ એટલે કાગળ પરના સારા આંકડા, ઓછા છૂટાછેડા, વધુ કમાણી અને મોંઘાં ઘરો.

પણ આપણે જો કાન ખોલીને સાંભળીએ તો ફ્રીમોન્ટના આ ચમકતા રોડ-રસ્તાઓ પાછળ ક્યાંક-ક્યાંક ઊંડો ખાલીપો અને અસહ્ય થાક વર્તાય છે. અહીં વૈભવી જીવન પાછળ 9થી 5ની નોકરીમાં કમ્પ્યુટરની સ્ક્રીન સામે આંખો ફોડીને 14 લાખ ડૉલરના ઘરનો હપ્તો ભરવાની જે મજબૂરી છે, એને 'સુખ' કહેવાય કે સોનાની સાંકળ, એ વ્યક્તિએ જાતે સમજવું પડશે. અહીં ઘર મોટાં થયાં છે, પણ મન સંકુચિત થઈ ગયાં છે. અઠવાડિયે એક વાર ભેગા થઈને ગપ્પાં મારવાં એ સમાજ નથી, એ તો એકલતા દૂર કરવાનો એક નાનકડો મલમ છે. જે નવી પેઢી અહીં ઊછરી રહી છે, તેને પોતાના બાપ-દાદાની 'કરકસર' અને 'સંતોષ'માં રસ નથી. તેમને શહેરની ભાગદોડ અને ગ્લૅમર જોઈએ છે, જેના કારણે બે પેઢી વચ્ચે એક દીવાલ ઊભી થઈ રહી છે.

ફ્રીમોન્ટ શહેર ચોક્કસપણે અમેરિકાનાં અન્ય ગુનાખોરી અને એકલતાથી પીડાતાં શહેરો કરતાં હજાર દરજ્જે સારું હશે. ત્યાં આપણા દેશીઓએ પોતાની મહેનત, કરકસર અને સંસ્કારોથી એક મજબૂત આશરો ઊભો કર્યો છે, એમાં કોઈ શંકા નથી. પરંતુ 20 માઈલ ગાડી ચલાવીને ગરમાગરમ કબાબ અને બંગાળી મીઠાઈ ખાધા પછી મોંમાં જે ક્ષણિક મીઠાશ ઓગળે છે, એને જો આપણે કાયમી 'સંતોષ' માની લઈએ, તો એ આપણી મોટી ભ્રમણા ગણાશે. સંતોષ એ બેંક બૅલેન્સમાં કે 14 લાખ ડૉલરના બંગલામાં નથી વેચાતો. સંતોષ તો મનની એ સ્થિતિ છે, જ્યાં માણસને વધુ પામવાની તૃષ્ણા મટી જાય છે.

ફ્રીમોન્ટ ભલે 'અમેરિકાનું સૌથી સુખી શહેર' કહેવાય, પણ જ્યાં સુધી માણસ કૉર્પોરેટ હોડમાંથી બહાર નીકળીને પોતાના આત્માની શાંતિ નથી શોધતો, ત્યાં સુધી આ સુખ માત્ર સર્વેના કાગળ પર ચમકતો 'કાગળનો મહેલ' જ રહેશે.



# ધૂળ અંતે તો નીચે જ બેસશે

**આંખની અટારી**
★ હેમુ ભીખુ

વાસ્તવિકતા સમજી લેવી પડે. પાણી ધૂળને પોતાના પ્રવાહ સાથે ખેંચી જાય, અગ્નિ ધૂળને સળગાવી ન શકે, પવન ધૂળને હવામાં ઉડાડી શકે, પરંતુ અંતે ધૂળ તો નીચે જ બેસે. ધૂળ સાથે કોઈપણ પ્રકારનું સમીકરણ સ્થાપિત કરતાં પહેલાં કેવાં સંજોગોમાં ધૂળ કેવા કેવા પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરે અને અંતે કયું પરિણામ ઊભરે તે સમજી લેવું પડે. અહીં ધૂળ તો માત્ર એક માધ્યમ કે પ્રતીક છે; આ વાત દરેક બાબતને લાગુ પડે છે.

ધૂળ એટલે માટી કે રેતીના અતિસૂક્ષ્મ કણો. ક્યારેક તેમાં સુકાઈ ગયેલાં પાંદડાં કે અન્ય કોહવાયેલી વસ્તુના નાના કણોનો પણ સમાવેશ થઈ જાય. જ્યારે ધૂળ માત્ર માટી કે રેતીના કણો સમાન હોય ત્યારે તે રજકણ કહેવાય. આમ તો ધૂળમાં કોઈ ગંદકી હોતી નથી, પરંતુ ધૂળથી ગંદકી થઈ શકે. પ્રતીકાત્મક રીતે ધૂળ અવગણના, નકારાત્મકતા, દુર્ભાવ, અનિચ્છનીય સ્થિતિ, ખલેલ, અડચણ, મૂંઝવણ તથા અપમાન તરીકે લેખાય છે. જ્યારે જીવનમાં બિનજરૂરી, વ્યર્થ, અડચણસમાન, અપમાનજનક, ખંડનાત્મક, મૂલ્યહીન, સત્યથી વિમુખ, ભાવનાહીન તેમજ બોજસમાન સ્થિતિ ઊભી થાય ત્યારે 'જીવનમાં ધૂળ પડી' તેમ કહેવાય. ધૂળનો આ સ્વભાવ છે. તેનું અસ્તિત્વ જ્યારે પણ સ્થાપિત થાય ત્યારે તકલીફો ઊભી થાય. આંખમાં પડે તો આંખ બળે, ખોરાકમાં પડે તો તે ફેંકી દેવો પડે, રાચરચીલા પર હોય તો તેની ઉપયોગિતા ઘટે, યાંત્રિક સાધનો પર હોય તો તેની કાર્યક્ષમતા ઘટે અને જો ઓપરેશન થિયેટરમાં હોય તો જોખમ વધી જાય. ધૂળની આ પ્રકૃતિ છે. તે તો નીચે જ બેસે અને તે જ્યાં બેસે ત્યાંની પરિસ્થિતિ બગડે.

**જીવનની ધૂળ દૂર કરવા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, મત્સર જેવી બાબતોથી દૂર રહેવું પણ જરૂરી બને, મન અને વિચારોને સાફ કરવા પડે અને દૃઢ કરવા પડે**

જીવનની ધૂળ પણ ખંખેરી શકાય. વ્યવસ્થિત ચિંતન દ્વારા ધૂળ કેમ ચડી તે વિશે વિચાર કરી તેનાં નિવારણના પ્રયત્નો થઈ શકે. વિચાર અને વર્તનમાં સકારાત્મક પરિવર્તન લાવી ધૂળ દૂર પણ કરી શકાય અને આગળ ધૂળનો સંભવિત પ્રવેશ અટકાવી પણ શકાય. ધૂળને સ્વીકારી લેવાની નકારાત્મકતા છોડવી પડે, સામે પડકાર આપવો પડે. આત્મચિંતન દ્વારા નૈતિકતા અને સાચા મૂલ્યો તરફનો પ્રવાસ આદરવાથી જીવનની ધૂળ દૂર થઈ શકે. ચોક્કસ પ્રકારની સાત્ત્વિક શિસ્તબદ્ધતા અને નિયમિતતાનું પણ મહત્ત્વ છે. જેમના જીવનમાં ધૂળ ન હોય તેવી વ્યક્તિઓનો સાથ-સહકાર અને ધૂળ વિનાના વાતાવરણ માટેનો આગ્રહ જરૂરી છે. જીવનની ધૂળ દૂર કરવા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, મત્સર જેવી બાબતોથી દૂર રહેવું પણ જરૂરી બને, મન અને વિચારોને સાફ કરવા પડે અને દૃઢ કરવા પડે. ફક્ત વિચારો નહીં, પરંતુ પૂરા વિશ્વાસ સાથે કરાયેલો સકારાત્મક પુરુષાર્થ મદદરૂપ થઈ શકે. ઘરમાં ધૂળ જમા ન થાય તે માટે નિયમિત સફાઈ કરવામાં આવે છે; તેવું જ જીવન માટે પણ છે. જો સફાઈ ન થાય અને ધૂળ જમા થતી રહે તો જીવન ધૂંધળું પણ બની જાય. એકવાર નીચે બેસી જાય પછી તેની સફાઈ સરળ બને અને ધૂળ અંતે તો નીચે જ બેસે, અર્થાત્ સફાઈ શક્ય તો છે જ.

ધૂળ અંતે તો નીચે બેસશે જ, અર્થાત્ અસત્ય આધારિત ખોટી વાતો અને તેનાથી સ્થાપિત ગેરસમજ લાંબો સમય ટકતી નથી. પોતાની ક્ષમતા વગર પ્રાપ્ત થયેલી ઊંચાઈ પરથી ક્યારેક તો નીચે આવવું પડશે. અસ્થિર પરિસ્થિતિ પણ ક્યારેક સ્થિરતા પામશે. મુશ્કેલીમાં થયેલી ઉથલપાથલ સ્થાયી નથી હોતી. અંતે તો જેનું જે વાસ્તવિક સ્થાન છે તે જ પ્રાપ્ત થશે. ધૂળ ઓગળશે પણ નહીં અને બળશે પણ નહીં, પરંતુ આંતરિક શાંતિ પ્રાપ્ત થતાં તે નીચે ચોક્કસ બેસશે. સાથે સાથે પ્રકૃતિના નિયમો અને સિદ્ધાંતો પ્રત્યે સકારાત્મક ભાવ રાખવો જરૂરી છે. કશું જ તેના વર્તમાન સ્થાને કાયમ રહેતું નથી. અફરાતફરી બાદ બધું જ થાળે પડતું હોય છે. પાણીમાં જો ધૂળ ભળી જાય તો પાણી ગંદું લાગે; પરંતુ જો તેને સ્થિર રાખવામાં આવે તો અમુક સમય પછી માટી આપમેળે નીચે બેસતી જાય અને ઉપરનું પાણી સ્વચ્છ થતું દેખાય. ધીરજની આવશ્યકતા છે. ધૂળ તો અંતે નીચે જ બેસશે.

'ધૂળ' શબ્દ સાથે જોડાયેલી ઘણી કહેવતો છે. આ કહેવતો જ દર્શાવે છે કે જીવનમાં 'ધૂળ'નું શું મહત્ત્વ છે– વાસ્તવમાં પણ અને પ્રતીકાત્મક રીતે પણ. 'ધૂળમાં મળી જવું' એટલે પ્રત્યેક દુન્યવી બાબતનો સંપૂર્ણ નાશ થઈ જવો, કશું જ બાકી ન રહેવું. 'ધૂળ ઉડાડવી' એટલે કપટ કરીને ખોટી વાતો ફેલાવવી, સ્થાપિત પરિસ્થિતિમાં કોઈપણ રીતે ગેરસમજ કે અવ્યવસ્થા ઊભી કરવી. 'ધૂળ ચાટવી' એટલે સંપૂર્ણપણે પરાજિત થવાથી દરેક પ્રકારનું નુકસાન થવું. આ જ વાત જ્યારે વ્યક્તિગત ધોરણે થાય ત્યારે 'આંખમાં ધૂળ નાખવી' એમ કહેવાય. અહીં કોઈ એક વ્યક્તિથી સત્ય છુપાવવામાં આવે અને એક પ્રકારની છેતરામણીથી ભ્રમણા ઊભી કરવામાં આવે. જ્યારે કોઈ વસ્તુને તુચ્છ, બિનમૂલ્યવાન, બિનજરૂરી કે અર્થહીન ગણવામાં આવે ત્યારે તેના માટે 'ધૂળ સમાન ગણવું' એવો રૂઢિપ્રયોગ થતો હોય છે. 'પગ નીચેની ધૂળ સમાન'નો અર્થ પણ કંઈક એવો જ હોય છે, પરંતુ અહીં તે બાબતને જાણે વધુ અપમાનિત કરવામાં આવે છે. 'ધૂળ ખંખેરવી' એટલે ફરીથી ઉત્સાહ કેળવવો, ફરીથી વ્યવસ્થિત થવું અને ફરીથી પરિસ્થિતિ કે જીવનને સુધારવા માટે શારીરિક તેમજ માનસિક રીતે તૈયાર થવું. આ એક પુનર્જાગરણ જેવી સ્થિતિ કહી શકાય. 'ધૂળ ચડી જવી' એટલે કોઈ વિચાર કે વસ્તુની લાંબા સમયથી અવગણના થઈ હોય અથવા તેનો ઉપયોગ ન થયો હોય તેવી સ્થિતિ. અહીં એમ તો સ્પષ્ટ થાય છે કે એક તરફ ધૂળ એટલે અવગણના, વિનાશ, છેતરપિંડી કે વ્યર્થતા અને બીજી તરફ આ ધૂળ જ સ્વચ્છતા, સુધારણા, પુનર્નિર્ધારણ અને નવી શરૂઆતનું નિમિત્ત બની શકે.